Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233

**Continuous Issue-50 | April– May 2021**

# બર્ટ્રાન્ડ રસેલના કેળવણી વિષયક વિચારો

- **પ્રસ્તાવના :**

ઈ.સ.1850માં સાહિત્યનું નોબેલ પારિતોષિક મેળવનાર બર્ટ્રાન્ડ રસેલનો જન્મ18 મે 1872 ના રોજ વેલ્સમાં થયો હતો. માત્ર ત્રણ વર્ષની વયે પોતાના માતા-પિતા ગુમાવનાર આ મહાન ચિંતક નો ઉછેર તેમના દાદા-દાદીએ કર્યો. ફ્રેન્ચ અને જર્મન ભાષામાં ખૂબ તેજસ્વી વિદ્યાર્થી તરીકે બહુમાન મેળવતા તેમણે તત્વજ્ઞાનની વિશેષ યોગ્યતા મેળવી અભ્યાસ પૂરો કર્યો. જોવાની ખૂબી એ છે કે ભાષા અને તત્વજ્ઞાનના વિદ્યાર્થી પિયાનોના ગણિતશાસ્ત્રથી ખૂબ આકર્ષાઈને એ અભ્યાસ તરફ વળ્યા અને પ્રથમ પુસ્તક " પ્રિન્સિપલ્સ ઓફ મેથેમેટિક્સ " પણ લખ્યું. ખૂબ જ કાંતિકારી હોવાને કારણે એમણે અનેક પારિતોષિકો જતાં કરવા પડ્યા, એટલું જ નહીં પણ ઉપરથી દંડ ભરવો પડ્યો અને જેલવાસ ભોગવવો પડે એવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો.ક્રિએટિવિટી, શિક્ષણ, તત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર જેવા વિષયો પરના એમના વીસથી વધુ પુસ્તકોમાંથી મોટા ભાગના જેલવાસ દરમિયાન લખાયા છે.આમ,તેમના જીવનકાર્યને જોતા તેમને મળેલું " ઋષિ " નું બિરુદ યોગ્ય છે.

- **શિક્ષણની સંકલ્પના :**

રસેલની શિક્ષણ સંકલ્પના એટલે તેમની દૃષ્ટિએ બાળકોમાં પ્રમુખ ગુણવત્તાનો વિકાસ એટલે શિક્ષણ.

**શિક્ષણની આ ગુણવત્તા એટલે...**

1. **શક્તિ :**

શરીરની બધી જ બાબતોમાં માણસ કોઈ પણ પરિસ્થિતિમાં યોગ્ય હોય એવું શિક્ષણ આપવું જોઈએ.

2. **હિંમત :**

હિંમતની વ્યાખ્યા કરવાનું સહેલું નથી, પરંતુ આ એક એવી ક્ષમતા છે; જેના વડે માણસ પોતાના તર્કસંગત અને બુદ્ધિહીન ભયને નિયંત્રણમાં રાખી શકે છે. હિંમત વાળો માણસ ક્યાંય પીછેહઠ કરતો નથી તથા પોતાના પરનું 'સ્વ' નિયંત્રણ ગુમાવતો નથી. રસેલની દ્રષ્ટિએ બાળકમાં શિક્ષણ દ્વારા હિંમત નો વિકાસ થવો જોઈએ.

3. **સંવેદનશીલતા :**

સંવેદનશીલતા નો સબંધ માણસના આવેગો અને સંવેગો સાથે છે. મોટેભાગે માણસ ઈન્દ્રિયજન્ય સંવેદનાનો આનંદ ગુમાવી બેસે છે, તથા સામાજિક રીતે માન્ય એવા આનંદની ઈચ્છા વિકસાવતો થઈ જાય છે, તેને બદલે બાળકોમાં શિક્ષણ દ્વારા બૌદ્ધિક અને સૌંદર્યબોધક સંવેદનશીલતાનો વિકાસ થાય એવી રસેલ ભલામણ કરે છે.

4. **બુદ્ધિ :**

વિદ્યાર્થીમાં બુદ્ધિના ઉપયોગની ક્ષમતા વિકસવી જોઈએ. બાળકની બૌદ્ધિકતા તેની જિજ્ઞાસા દ્વારા પ્રગટ થતી હોય, રસેલ જિજ્ઞાસાને યોગ્ય દિશા આપવાની ભલામણ કરે છે.

- **શિક્ષણના સિદ્ધાંતો**

ઉપર્યુક્ત ગુણવત્તઓના સંદર્ભમાં બાળક શિક્ષકના ક્રમમાં કેટલીક માનસિક ગુણવત્તા વિકસાવે એ બાબત પર રસેલ ખાસ ભાર છે. આ માનસિક ગુણવત્તાઓ જ રસેલના મતે શિક્ષણના સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતો આ પ્રમાણે છે.




**1. જિજ્ઞાસા:**

રસેલના મતે જ્ઞાનપ્રાપ્તિ માટે જિજ્ઞાસા અનિવાર્ય છે.એ જ્ઞાનની આધારશિલા છે.

**2. વિવૃત્તમન:**

જ્ઞાનપ્રાપ્તિ માટે મનનું કોઈ પણ જાતના પૂર્વગ્રહોથી મુક્ત હોવું જરૂરી છે.

**3. જ્ઞાનપ્રાપ્તિમાં વિશ્વાસ:**

જ્ઞાનપ્રાપ્તિ જરૂરી છે એવો વિશ્વાસ જન્મે તો જ માણસ જ્ઞાનપ્રાપ્તિની દિશામાં આગળ વધી શકે છે.

**4. ખંત: :**

ખંતથી માણસ કંઈ પણ કરી શકે. શિક્ષણ દ્વારા બાળકમાં ધગશના ખેડાણની રસેલ ખાસ ભલામણ કરે છે.

**5. એકાગ્રતા:**

રસેલની દ્રષ્ટિએ માણસનો ઉત્તમ ગુણ એકાગ્રતા છે અને તે શિક્ષણ દ્વારા જ વિકસી શકે.તેથી શિક્ષકે વિદ્યાર્થીઓ માં એકાગ્રતા વિકસાવવા ખાસ પ્રયત્ન કરવો ઘટે.

**6. ધીરજ :**

જ્ઞાન પ્રાપ્તિ ધીરજ અને શ્રમ વિના શક્ય નથી.

**7. ચીવટ :**

રસેલ અધ્યયનમાં ચિવટના હિમાયતી છે. માણસ સત્યની શોધમાં કેટલો છે એ તો એની ચીવટ પરથી જાણી શકાય છે. તેથી શિક્ષકે બાળકોમાં ચીવટાઈ વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ.

ટૂંકમાં બર્ટ્રાન્ડ રસેલનું ચિંતન મોટે ભાગે 5 થી 14 વર્ષના બાળકોને ધ્યાનમાં રાખીને થયું હોય તેવા શિક્ષણની સંકલ્પના અને સિદ્ધાંતો કોઈ પણ સમાજને સાચા અર્થમાં ઉપયોગી છે.

## સંદર્ભ

I. દવે જયેન્દ્ર શાસ્ત્રી (1983),કેળવણીના તાત્વિક આધારો,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ-6.

II. દવે જયેન્દ્ર અને પટેલ મોતિલાલ(2003),શિક્ષણ ચિંતકોનું શિક્ષણદર્શ,બી.એસ.શાહ પ્રકાશન,અમદાવાદ.

III. દેસાઈ ધનવંત અને શાહ ગુણવંત (1982), શિક્ષણની વર્તમાન ફિલસુફીઓ,અનડા પ્રકાશન,અમદાવાદ.
IV. જોષી હરિપ્રસાદ(2000),શૈક્ષણિક તત્વજ્ઞાન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.

****************************************************************************

**શ્રી અશોકકુમાર બી.પ્રજાપતિ**
આસીસ્ટન્ટ પ્રોફેસર
વિદ્યાસાગર બી.એડ કોલેજ-1
દાણોદરડા

**ડૉ.વિનોદકુમાર કે.સત્યપાલ**
પ્રોફેસર
અરૂણ બાલચંદ વોરા એમ.એડ કોલેજ
રાધનપુર

Copyright © 2012 - 2021 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat